D. El. Ed પ્રવેશ પ્રક્રિયા વર્ષ: ૨૦૨૬- ૨૭

:: જાહેર સુચના ::

ડી.એલ.એડ ચતુર્થ તબક્કા પ્રવેશ

તા.૦૩/૧૧/૨૦૨૬

D.El.Ed પ્રથમ વર્ષ પ્રવેશ પ્રક્રિયા વર્ષ: ૨૦૨૬-૨૭ કેન્દ્રિયકૃત ધોરણે **Online** કરવાના ભાગરૂપે પ્રથમ, દ્વિતિય અને તૃતિય તબક્કાની પ્રવેશ પ્રક્રિયા સંપન્ન થયેલ છે. ત્યારબાદ ખાલી રહેલી સામાન્ય બેઠકો પર **D.El.Ed** પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને પ્રવેશની તક મળી રહે તે માટે ચોથા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનું નક્કી કરેલ છે.

ચતુર્થ તબક્કા માટે ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ગાંધીનગર ખાતે રૂબરૂ હાજર રહી પોતાના મેરિટ મુજબ કોલેજ પસંદ કરવાની રહેશે. આ માટે જો ઉમેદવાર નિયત દિવસે- સમયે ગાંધીનગર ખાતે રૂબરૂ હાજર રહી કોલેજ પસંદગી આપી ચતુર્થ તબક્કા માટે ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર **D.El.Ed** પ્રવેશ મેળવવા માંગતા હોય તો તે માટે તેમણે **Online** પોર્ટલ પર પોતાના યુઝર – આઈડી વડે **Log In** થઈ સમયમર્યાદામાં વિકલ્પ આપવાનો રહેશે.

ત્રીજા તબક્કા બાદ ખાલી રહેલ જગ્યાઓ પર પ્રવેશ મેળવવા કોલેજ પસંદગી માટે ગાંધીનગર ખાતે રૂબરૂ હાજર રહેવા **Online** વિકલ્પ આપેલ હોય તેવા ઉમેદવારોને જ માધ્યમ, પ્રવાહ અને કેટેગરી ધ્યાને લઈ મેરિટ મુજબ ચોથા તબક્કાની કોલેજ પસંદગી માટે રૂબરૂ બોલાવવાનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે. ત્યાં સુધી મેનેજમેન્ટ ક્વોટા પ્રવેશ ફોર્મ વિતરણ અને પરત લેવાની તારીખ લંબાવવામાં આવે છે.

ઉમેદવારે ગાંધીનગર ખાતે રૂબરૂ હાજર રહેવા **Online** પોર્ટલ પર વિકલ્પ આપવાની તારીખ	તા.૦૪/૧૧/૨૦૨૬ બપોર 12.00 થી તા.૦૫/૧૧/૨૦૨૬ સાંજે 05.00 ક. સુધી
ઉમેદવારે ગાંધીનગર ખાતે કોલેજ પસંદગી માટે રૂબરૂ હાજર રહેવાની સંભવિત તારીખ	તા.૦૬/૧૧/૨૦૨૬ થી તા.૦૭/૧૧/૨૦૨૬